

## સુપ્રભાતમ્

સુરેશ પ્રા. ભટ્ટ
079-23226251

### સલામી સવારની..

*વર્ષોથી દબાયેલી સ્પ્રીંગ હવે છટકી છે !*
*ને વર્ષોથી સૂતેલી શાંતિ હવે ખટકી છે !*
*બટકી છે ફૂલ સાથે ડાળ સ્નેહ-સંપની -*
*'વિશ્વાસ'નું દૂધ દેતી ગાય હવે વટકી છે !*

### હાઈકુ

*કરે મૂર્ખાઈ-*
*કાચના ઘરમાંથી-*
*પથ્થર મારો...*

*વડવાગ્નિમાં,*
*ચાંપો ન ચિનગારી-*
*ધૂમાડો જોઈ*

### ચિંતન

*વાસના એવ સંસાર ઈતિ સર્વા વિમુંચતા :।*
*તત્ ત્યાગો વાસના ત્યાગાત્ સ્થિતિ : અદ્ય યથા તથા ॥*

ઉપરોક્ત શ્લોક મુક્તિક ઉપનિષદમાંથી લેવામાં આવેલ છે.

વાસના એ જ સંસાર છે એમ જાણી એ સર્વને મનથી ત્યજી દે, વાસનાના ત્યાગથી જ સંસારનો ત્યાગ થાય છે, અને પરમપદમાં સ્થિતિ, તત્કાલ, જેવી થવી જોઈએ તેવી જ થાય છે. જ્યાં છો ત્યાં જ થાય છે.

સંસાર ત્યાગ એટલે ઘર-કુટુંબ-ગામ વગેરે છોડીને ભાગી જવું, તે નહીં, પણ મનમાંથી ઈચ્છાનો ત્યાગ કરવો તે. પ્રજ્ઞાવાન થઈ તેમાં પ્રચિષ્ટ રીતે સ્થિત થવું. કારણ કે ઈચ્છા છે તો સંસાર છે. ઈચ્છા જ સંસાર છે. એ જ રીતે તો સર્વ દુ:ખનું મૂળ છે. કોઈનું ભલું કરવાની ઈચ્છા કે મોક્ષની ઈચ્છા, પણ આખરે તો ઈચ્છા તો છે જ. ઈચ્છાનો અર્થ એ જ છે કે ઈશ્વરે જે કાંઈ રચના કરી છે તે પર્યાપ્ત નથી, બરોબર નથી, પણ હું જે કાંઈ વિચારૂ છું તે બરાબર છે. અને એ વૃત્તિમાંથી જ સંસાર ઉભો થાય છે. જેણે તૃષ્ણા ત્યાગી એણે સંસાર ત્યાગ્યો.

લાઓત્સે કહે છે કે સૂકું પાંદડું જેમ હવા લઈ જાય ત્યાં જાય છે તેમ તમે પણ ઈશ્વર લઈ જાય ત્યાં જાઓ.

### સુવિચાર

- ''આપણે કોણ છીએ'' એ શ્રધ્ધા બેસે એ ''સમક્તિ'' અને ''આપણે શું છીએ'' એ જ્ઞાન થાય તે ''જ્ઞાન'' : આપ્તસૂત્ર
- સંદેહ સમાધાનમાં, સંશય વિશ્વાસમાં અને શંકા શ્રધ્ધામાં પરિવર્તિત થઈ જાય એનું નામ કથા-સત્સંગ છે : બોધિવૃક્ષ
- ગુરુના જ્ઞાનને, ગુરુની સમસ્ત અનુભૂતિને જે પામી જાય તે સાચો શિષ્ય છે : ચાણક્ય
- માનવનાં વિચાર-વાણી-વર્તનમાં ઉદારતા આવી જાય ત્યારે તે વિશ્વ માનવ બનવા તરફ પ્રયાણ કરે છે : અખંડઆનંદ
- આધ્યાત્મિકતા શીખવે છે કે, કોઈને હરાવવાનો નહીં, જીતવાનો પ્રયત્ન કરો અને એ શુદ્ધ પ્રેમથી જ શક્ય બનશે : ભૂપત વડોદરિયા
- અનિતીથી ભેગું કરેલું ધન ત્રીજી પેઢીએ નાશ પામતું હોય છે : ફૂલછાબ
- આજનું ઔષધ : દૂધ વગર બનાવેલી ચા માં અરડૂસીના પાનનો રસામધ અને ચપટી સંચળ નાખીને

**(સંકલન : દીપક વી. આશરા)**

### બોધકથા

પશુઓ અને પક્ષીઓ વચ્ચે તકરાર થઈ અને એ લડાઈમાં પરીણમી. બંને પક્ષ સરખા સક્ષમ હતા. કોણ જીતશે અને કોણ હારશે તે નક્કી થઈ શકતું ન હતું. આવા વખતે ચામાચીડીયું યુદ્ધથી દૂર રહેતું હતુ. તે પોતે તટસ્થ છે એવો દેખાવ કરતું હતું. યુદ્ધમાં એક સમય એવો આવ્યો કે પશુઓની જીત સાવ નજીક હતી. આવા સમયે પેલુ ચામાચીડિયું પશુઓ સાથે જોડાઈ ગયું ને પશુ તરફથી લડવા સક્રિય થઈ ગયું. પક્ષીઓની હાર થઈ.

પશુઓ અને પક્ષીઓ વચ્ચે પછી સમાધાન થયું, પણ ચામાડિડિયાએ યુદ્ધ દરમિયાન પહેલાં તટસ્થ હોવાનું અને પછી પશુઓ તરફ થઈ જવાનું વર્તન દાખવ્યું હતું એને બન્ને પક્ષોએ વખોડી કાઢ્યું અને ન તો એને પશુ તરીકે કે ન તો એને પક્ષી તરીકે સ્વીકારવામાં આવ્યું. યુદ્ધ વિરામની સંધિમાંથી એને બાકાત રાખવામાં આવ્યું ને એને ત્યાંથી બની શકે એટલું દૂર ભાગી જવા માટે ફરજ પાડવામાં આવી. બસ ત્યારથી એ ગંદી, ઝાંખી પડી ગયેલી બખોલમાં કે અંધારા ખૂણામાં રહેવા લાગ્યું. સમી સાંજના ઝાંખા ઉજાસ સિવાય એ ક્યારેય જાહેરમાં આવવાની હિંમત કરતું નથી. સાર એ કે કપટ કે છેતરપીંડીવાળુ વલણ લાંબા સમય સુધી છાનું રહેતુ નથી અને આવું છળ એક ને એક દિવસ છતું થાય છે ત્યારે બધાના રોષનો ભોગ બનવું પડે છે.

# ઝારખંડનો ચુકાદો ચિંતનપ્રેરક છે

**તંત્રીસ્થાનેથી...**

દેશને કોંગ્રેસમુક્ત કરવાની ધખનામાં પોતાની પાર્ટીને કોંગ્રેસયુક્ત કરી દીધી પછી પણ વડાપ્રધાન નરેન્દ્ર મોદી કે એમના જમણા હાથ જેવા લોહપુરુષને પ્રજા એક પછી એક પરચા બતાવી રહી છે. હરિયાણામાં દેવીલાલના વંશજને હાથ પર લઈને ફરી એકવાર પૂર્વ પ્રચારક ખટ્ટર મુખ્યમંત્રી પદું સાચવી શક્યા પરંતુ મહારાષ્ટ્રમાં સૌથી મોટી પાર્ટી તરીકે ઊપસી આવ્યા પછી અને શિવસેના જેવી સમાન વિચારધારા વાળી પાર્ટી સાથે ગઠબંધન રચીને ચૂંટણી લડ્યા પછી પણ મોદીભક્ત દેવેન્દ્ર ફડણવીસ એમની ગાદી બચાવી શક્યા નહોતા. લોકસભામાં પ્રચંડ બહુમતી મળવ્યા પછી રાજયો એક પછી એક ભારતીય જનતા પાર્ટીના હાથમાંથી - દયમંતીના હાથમાંથી માછલ સરી પડેલાં એમ સરવા લાગ્યાં છે. સવિશેષ તો અયોધ્યા અંગેના સાનુકૂળ ચુકાદા અને જમ્મુ કાશ્મીરના વિશેષ દરજ્જાની નાબૂદી પછી મોદી દુનિયાભરમાં રાજકારણના મહાનાયક તરીકે ઊપસી આવ્યા હતા. નાગરિકતા સંશોધન કાનૂન પણ એમની હિંદુ હૃદય સમ્રાટ વાળી છબી જ ઉજાગર કરે છે, તેમ છતાં ઝારખંડ જેવું મહત્ત્વનું આદિવાસી બહુલ રાજય ભાજપની ઝોળીમાંથી સરકી જતું હોય તો જરૂર કશુંક કાચું કપાયું છે, એટલું તો કેન્દ્ર સરકારમાં બેસી રાજયોને અવનવા કાનૂનોના અમલીકરણની ફરજ પાડતાં આંતરરાષ્ટ્રીય ખ્યાતિપ્રાપ્ત નેતાઓએ સ્વીકારવું જ પડશે. ઝારખંડ એ કયારેક બિહારની સોનાનાં ઈંડા મૂકનારી મરગી હતી. એને શિબુ સોરેન જેવા જનજાતિના 'ગુરુજી'નું નેતૃત્વ સાંપડ્યું. ગુરુજીએ વર્ષો સુધી ઝારખંડને મુક્ત કરાવવા માટે કેન્દ્ર સરકાર સામે લડત આપી. તેઓ વારંવાર કેન્દ્રમાં જે કોઈ સરકાર આવી એની સાથે દરેક પ્રકારની સાંઠગાંઠ કરીને પ્રધાનપદું પણ ભોગવતા રહ્યા. લાંચ પ્રકરણમાં પણ વગોવાયા. છતાં ઝારખંડના ગિરિવનવાસીઓ માટે તો એ ગુરુજી જ રહ્યા. હેમંત સોરેન એમના સુપુત્ર અને રાજકીય વારસદાર છે. કોંગ્રેસ સાથે ગઠબંધન રચીને એમને મોદી-શાહ અને ભાજપી મુખ્યપ્રધાન રઘુવરદાસ સામે જબરદસ્ત પડકાર ફેંક્યો હતો, જેમાં પ્રજાએ એમની તરફેણ કરી છે. મોદી-શાહની જંગી રેલીઓ અને અઢળખ નાણાંની રેલંછેલ પણ રઘુવરદાસને બચાવી શકી નથી. સ્થાનિક સ્તરે ખુદ પાર્ટીમાં પણ રઘુવરદાસ સામે કટ્ટર હરિફાઈ હતી જ. રાહુલ-પ્રિયંકાની રેલીઓને સારો પ્રતિસાદ સાંપડ્યો છે તે એ ભાઈ-બહેનની જોડીને કોંગ્રેસના યોગ્ય સુકાની ઠેરવવા માટે પૂરતું પ્રમાણ બની રહેશે. પરંતુ એથી વધુ તો નાગરિકતા કાનૂન સામેના પ્રજાકીય રેફરેન્ડમ તરીકે આ પરિણામો જોવાવાં જોઈએ એમ પણ ન માની શકાય - આમ છતાં ચુકાદાના અર્થઘટન કરવામાં કાળજી રાખવી જોઈએ.

# માનવધર્મ હંમેશા ઝગમગતો રહે



**અજવાળું - અજવાળું**

તુષાર જોશી

'દુનિયામાં કોઈ કોઈનું નથી, સર્વ સ્વાર્થના સગા છે સાહેબ, આ બધી માનવ ધર્મની ને સંવેદનશીલતાની ને બીજી બધી ડાહી ડાહી વાતો નકામી છે.'

ચોરે બેઠેલા કાકાઓ વચ્ચે દુનિયાભરની ચર્ચા ચાલતી હતી એમાં એક બોલ્યો. એમાં વળી બીજાએ ટાપશી પુરાવી.

'આ ભૂકંપ બીજે બધે આવે છે ને એના કરતા આપણા ગામમાં આવવો જોઈએ...' ગામ પરગામની વાતો કરી રહેલા આ વડિલોની વાતો સાંભળતો ગામનો એક યુવાન પણ બેઠો હતો. શહેરમાં ભણવા ગયો હતો. એ યુવાને આ વડિલોને વંદન કરીને પોતે નજરે જોયેલી ઘટના કહી અને એમની વાતોની સામે હકીકત રજૂ કરી.

એ યુવાને વાત માંડીને કહ્યું કે, 'તમે બધા વિચારો છો એમાં જરૂર ક્યાંક સત્ય હશે પણ એ એકપક્ષી હશે. એટલે મારી આપને નમ્ર વિનંતી છે કે દુનિયા ખરાબ હશે તો સારી પણ હશે. લોકોને ખરાબ અનુભવો થતા હશે તો સારા અનુભવો પામનારા લોકો પણ હશે જ'. જુઓ, થોડો દિવસ પહેલાં મેં શહેરમાં જોયેલી ઘટના કહું :

એ યુવાન સવારના કોલેજ જઈ રહ્યો હતો. ચાલતા ચાલતા એણે એક સોસાયટીના નાકે જોયું કે થોડા લોકો ડાઘુઓ તરીકે ઉભા હતા. થયું કે કોઈનું મૃત્યુ સોસાયટીમાં થયું હશે અને મૃતદેહને સ્મશાને લઈ જવાનો હશે એટલે પ્રતિક્ષા કરતા હશે. પરંતુ એવામાં એની નજર પડી કે નનામી તો ફૂટપાર ઉપર જ બંધાતી હતી. થોડા યુવાનો એ કાર્ય કરતા હતા. થોડા ઉભા હતા. એમાં અચાનક કોઈ મોટી ઉંમરની સ્રીનો રડવાનો અવાજ સંભળાયો. એને થોડી મહિલાઓ સાંત્વન આપી રહી હતી.

વાસ્તવમાં વાત એમ હતી કે એ સોસાયટીના નાકે, ફૂટપાથ પર વર્ષોથી એક દંપત્તિ રહેતું હતું. મહાનગરની દોડધામમાં લાખ્ખો પરિવારોની જેમ એને પણ પોતાનું ઘર ન હતું. 'રહેને કે ઘર નહીં હે, સારા જહાં હમારા...' એ ગીતને જાણે સાર્થક કરતા હોય એમ એ બંને ફૂટપાથ પર જ ઘર વસાવીને રહેતા હતા. અહીં બેસીને શાકભાજી અને ફ્રુટનો વ્યવસાય કરે, પેલા કાકા છે તે આસપાસની સોસાયટીમાં ગાડીઓ સાફ કરવાના અને બીજા પરચુરણ કામ કરે. મોટાભાગના ઘરના લોકો એમને અવારનવાર ખાવાનું આપતા હતા. પહેરવા - ઓઢવાનું ને ચોમાસામાં તાડપત્રી કે રેઈનકોટ કે છત્રી પણ આપતા હતા. સ્નાન અને શૌચ ક્રિયાઓ માટે નજીકના સુલભ શૌચાલયનો તેઓ ઉપયોગ કરી લેતા હતા. નીતિવાન અને પ્રમાણિક દંપત્તિ તરીકેની - હસમુખા વ્યક્તિત્વના ધની તરીકેની તેમની ઈમેજ હતી. અચાનક આ કાકાનું મૃત્યુ કોઈ કારણસર થયું હતું. એમના તો સગા ગણો કે વ્હાલા સોસાયટીના લોકો જ હતા. એટલે એમને અંતિમ મુકામે પહોંચાડવાનું અને પછી પેલા માજીને સાચવવાનું કામ એ લોકોએ જ કર્યું હતું. અને માત્ર વાતો ન કરતાં માનવ ધર્મ બજાવ્યો હતો.

આપણી આસપાસ આવી ઘટનાઓ બનતી જ રહે છે. સમાજ માત્રને માત્ર સ્વાર્થથી ભરેલો છે એવું માનવા પ્રેરે એવી અનેક ઘટનાો જોવા-વાંચવા ને સાંભળવા મળે છે. પરંતુ એની સામે કોઈ સ્વાર્થ વિના માત્રને માત્ર 'વૈષ્ણવ જન તો તેને રે કહીએ જે પીડ પરાઈ જાણે રે....' ગીતની ઉક્તિને સાર્થક કરતી ઘટનાઓ પણ લોકો જીવે છે. આવા લોકોનો માનવધર્મ હંમેશા ઝગમગતો રહે છે એમના કાર્યો દ્વારા સાહજિક રીતે અને તેનાથી માનવતાના અજવાળા રેલાય છે.

# હવે તો ઊઠો, હવે તો જાગો... ક્યાં સુધી બેઠા રહીશું... આંખ આડા કાન ક્યાં સુધી?



**વિચારયાત્રા**

ડો. જય ઓઝા

**જહા પર બોલના હૈ,વહાં ચુપ રહ જાતે હો,**
**ઔર જહાં ચૂપ રહના હૈ વહા ચીખ મચાતે હો**
**જહા સિર કટે મેરે જવાનો કા વહા શાંતિદૂત આ જાતે હૈ**
**જબ આતંકી મરતા હૈ,વહા નકલી એવોર્ડ ફેકતે હો,**
**મિશન સ્કૂલ કે યે છાત્ર, સારી બકવાસ સુનતે હૈ,**
**અગર માં-બાપ સંસ્કાર સિખાતે હૈ, તો પંખે સે ઝૂલ જાતે હૈ**
**ગગનચુમ્બી કબાડ કી મોલ મેં જેબ ખાલી કરતે હૈ,**
**પર શિક્ષા વ્યવસ્થા ક લિએ મુફ્તખોરી માંગતે હૈ**
**વોટ ડાલને કા સમય નહી, ફિર પાંચ સાલ રોતે હો**

આજે આ લેખ લખવો કે નહીં તેની અવઢવ હતી. પહેલા તો લાગ્યુ કે શાંતિથી કલમને બીજા વિષયોં પર લઈ જાઉ. ક્યાં વળી આ બધાં ગોટાળામાં પડવું ! બિલકુલ સામાન્ય માણસ જેવી મૂંઝવણ અનુભવું છું. ભાઈ મારે આમા કેટલા ટકા...મારે શું? લશ્કર ભલેને લડતુ ! હું તો અવાજ ઉઠાવીશ જ્યારે લાઈટનાં ધાંધીયા શરુ થાય...હું તો અવાજ ઉઠાવીશ જ્યારે મારા સમાજની વાત આવે,હું તો ત્યારે જ બોલીશ જ્યારે નગરપાલિકા પ્રોપર્ટી ટેક્સમાં વધારો કરશે.

હું તો એવો આમ આદમી છું કે મારે તો હું ભલો અને મારું ઘર ભલું..

અરે જનધન યોજના કે પછી મા અમૃતમ યોજના કે એવી બીજી સરકારી યોજનાઓના લાભ મેળવવા હશે ત્યારે ગમે ત્યાથી ગમે તેમ કરીને દસ્તાવેજ શોધી કાઢીશું...પણ અત્યારે અમારી ઓળખ માંગવામાં આવે તો ત્રાગા કરીશુ...

ગઈકાલે એક મિત્રને અમસ્તા જ મળવા માટે એક સરસ ફ્લેટની અત્યાધુનિક સોસાઈટીમાં જવાનું થયું, મુખ્ય દ્વાર પર જ ચોકીદાર દ્વારા રોકવામાં આવ્યો અને મારું નામ, સરનામું, એક ફોટાવાળું ઓળખપત્ર માંગવામાં આવ્યું સોસાયટીનાં સિક્યુરીટી રજિસ્ટરમાં મારી બધી વિગત ભરવામાં આવી,પછી પેલા મિત્રનાં ઘરે ઈન્ટરકોમ પર પૂછવામાં આવ્યું કે ફલાણા નામધારી ભાઈ આપને મળવા માગે છે,તો મોકલું? મારા મિત્રની ફોન પર અનુમતિ મળી પછી જ મને ૩૨ ફ્લેટ્સની સોસાયટીમાં પ્રવેશ મળ્યો...લ્યો બોલો... એક નાનકડી સોસાયટી જવા માટે પણ મસમોટા પુરાવા જોઈએ પણ કોઈ આવડા મોટા દેશમાં ગમે તેમ ખુલ્લેઆમ ફરી શકે, પણ અત્યારે જરાક વ્યવસ્થા ગોઠવવા માટે આ બિલ આવ્યું છે તો અમે ક્યાંથી એવા બધા પુરાવા રજૂ કરી શકીએ તેવી વળી પાછી કાગારોળ મચાવે રાખશું.

પેલા રોહિંગ્યાઓને કે જેમના અત્યાચારથી મ્યાનમાર અને બર્માથી હાંકી કાઢવામાં આવ્યા છે,તેમને આશ્રય આપવા માટે અહીં ધરણા કરવાવાળા બિનસાંપ્રદાયિક મૂઢાધિપતિઓ જ્યારે બીજા દેશનાં હિન્દુ,શીખ,બૌદ્ધ,જૈન, ઈસાઈને અહીં આશ્રય મળે તેમાં વિરોધ કરે છે. એક સમુદાય વિશેષનો આ બિલમાં સમાવેશ નથી તેનો વિરોધ કરતાં પહેલાં જડમાનસો તેવું કેમ નથી વિચારતા કે પાકિસ્તાન, બાંગ્લાદેશ, અફઘાનિસ્તાન જેવા સંપૂર્ણ મુસ્લિમ રાષ્ટ્રોમાં લઘુમતિમાં કોણ હોવાનું?

પણ ના આ દેશને તો ધર્મશાળાની જેમ ઉપયોગ કરનારાઓને આવું તો ક્યાંથી માફક આવે!

પણ રહી રહીને અત્યારે મને આચાર્ય વિજય રત્નસૂરશ્વરજીનું કાલજયી વાક્ય યાદ આવે છે કે-''આ સમાજને જેટલી હાનિ દુર્જનોની સક્રીયતાએ નથી કરી તેથી વધુ હાનિ તો સજ્જનોની નિષ્ક્રીયતાએ કરી છે.''

એટલે આજે તો બસ એ જ થયું કે એક સામાન્ય વ્યક્તિ તરીકે આ વખતે તો રાષ્ટ્રનાં કોઈ પ્રશ્ન વિશે અથવા તો વિવાદાસ્પદ પ્રશ્નો વિશે ચૂપ રહીને માત્ર સુષ્ટુ સુષ્ટુ વાતો નથી જ કરવી. કયારેક તો ખુલીને સામે આવીએ, નિ:સંકોચ આપણો સ્પષ્ટ અભિપ્રાય આપીએ,કયાં સુધી કોઈ જુગુપ્સા પ્રેરક સ્થાન પર નાક બંધ કરીને કે આડું મોઢું કરી લઈને ચાલ્યા જવાની આદત મુજબ જરાક સળગતો મુદ્દો જોયો નથી કે, આડી અવળી ગળચટ્ટી વાતો કરીને વિષયાંતર કરી લઈને પલાયનવાદી બની રહીશું!

આપણી આ સલામત પરિધિમાં જ રહીને જીવવાની આદત આપણી અને આપણાં દેશ માટે ઘાતક બની શકે તેમ છે,અને ઈતિહાસ ભણીને આપણે સ્પર્ધાત્મક પરીક્ષાઓ જ પાસ કરવી છે,કે પછી આપણા ઈતિહાસમાંથી કંઈ શીખવું પણ છે?

એક ચાણક્ય આખા આર્યાવર્તને એક કરવા માટે પ્રદેશ ઘમરોળી લે છે,પણ આંભિ કે કોસલ નરેશ કે એવા નાના નાના રજવાડા તો બસ પોતાના કમ્ફર્ટ ઝોનમાંથી જ બહાર નથી આવતા. અને પરિણામ આખા દેશે ભોગવવું પડે છે, મારે શું અને મારે કેટલાં ટકાવાળી વાત વર્ષોથી જ આપણા માટે પનોતિ લાવતી રહી છે, એ પછી રજવાડા હોય કે લોકતંત્ર હોય.

મુદ્દાને સ્પષ્ટ સમજવાનો નહીં માત્ર બધા જાય ત્યાં દોરાયે રાખવાનું...૯ થી ૫ ની નોકરી કરીને ન્યુઝ ચેનલ પર આખા દેશનો માહોલ જોઈને ઘરમાં જરાક બૂમો પાડીને ગોદડા ઓઢીને સુઈ જવાનુ.

ઉપરોક્ત પંક્તિઓ શ્રી યોગેશ શર્માના બ્લોગ પર વાંચવા મળી અને અહીં ઉદધૃત કરવાનુ મન થઈ ગયું...

પથ્થરો મારી મારીને સમાજના રક્ષકોનાં જ બેહાલ કરશો અને વળી સુરક્ષા માટે તેમને જ પોકારશો! જરાક તો જાગૃત થાવ, ચાલો માન્યુ કે કોઈ હિંસક ચળવળને આપણે વખોડી નાખીએ છીએ. સરસ. બસ કામ પુરુ થઈ ગયુ? વિરોધીઓનો વિરોધ દેખાય છે,તો સહયોગીઓનો સહયોગ કેમ દેખાતો નથી? શા માટે બહુમતી સમાજ હજી પણ ''નરો વા કુંજરો વા'' જેવી મિશ્રિત સ્થિતિમાં અટવાયેલો છે?

ના. માન્યું કે અમુક અમુક નિર્ણયો માટે ખુલીને વિરોધ પ્રદર્શિત કરવો જોઈએ,પણ દેશહિતની વાત હોય ત્યારે બધાં જ આંતરિક મતભેદ ભૂલી જઈને બમણી શક્તિથી સાથ આપવો જોઈએ. મામકા અને પાણ્ડવા વાળી વાત ક્યારેક તો સમજવી જ પડશે. લોકશાહી અને આપણું સંવિધાન આપણને ઘણા અધિકાર આપે છે,પણ દરેક અધિકાર પાછળ મોટી જવાબદારી હોય છે, તે કેમ વિસ્મરી જઈએ છીએ? શ્રી કૃષ્ણ દવેની એક સુંદર કવિતા અત્યારે વ્હોટ્સ એપ પર ફરી રહી છે, માટે પુનરુક્તિ દોષ નહીં કરું... પણ હવે ઊભા થવાની જરુર છે...નહીંતર આવનારા સમયમાં આતતાયીયો આપણને સુવાડી દેશે.

- jayuoza@gmail.com, Mo.9898046488

# જે છોકરો શાળામાં વારંવાર નપાસ થતો એના જ્ઞાન ઉપર આજે દુનિયા પીએચડી કરે છે



**આત્મનાદ**

પુલક ત્રિવેદી
pulak63@gmail.com

ફ્રાન્સિસ બેકનના લખાણો યુરોપીયન દેશોમાં લોકો ખૂબ રસપૂર્વક વાંચે છે. આમ તો બેકન એક ચિંતક હોવા ઉપરાંત રાજનિતીજ્ઞ પણ હતા. એ કહે છે કે, 'જ્ઞાન એ જ સાચી શક્તિ છે.' બેકનની વાતમાં દમ છે. જ્ઞાની વ્યક્તિ જ સાચા અર્થમાં શક્તિશાળી હોય છે. પોતાની દરેક સમસ્યાઓ અને સમાજની આસપાસના લોકોની સમસ્યાઓ જ્ઞાનના બળથી ઉકેલી શકાય છે. જ્ઞાન એક એવો પ્રકાશ છે કે, જેને પૃથ્વી પરનો કોઈપણ પ્રગાઢ અંધકારથી દબાવી શકાતો નથી. જ્ઞાનની શક્તિને ડિગ્રીઓથી ક્યારેય તોળી શકાતી નથી.



જ્ઞાનને અભ્યાસની જુદી જુદી ડિગ્રીઓ સાથે બહુ સંબંધ હોતો નથી.

જ્ઞાન એટલે અનુભવ અને અધ્યયન બન્નેનો સમન્વય. વિશ્વના મહાન વૈજ્ઞાનિક આઈઝેક ન્યુટન તેના શાળાકીય અભ્યાસકાળમાં હંમેશા નપાસ થયા કરતા. ન્યુટનને ક્યારેય ૩૦-૩૫ ટકાથી વધુ માર્ક્સ મળ્યા જ નથી. શાળાના શિક્ષકોએ કંટાળીને એમને સ્કૂલમાંથી રૂખસદ આપી દીધી. શાળાના દરવાજા બંધ થયા, એ પછી ન્યુટનના દિમાગના દરવાજા ખુલી ગયા. એણે ઝાડ ઉપરથી પડતું સફરજન જોયું અને વિશ્વને ગુરુત્વાકર્ષણનો પાયાનો સિદ્ધાંત મળ્યો. જે વ્યક્તિને સ્કૂલમાંથી કાઢી મૂકવામાં આવ્યો હતો એ વ્યક્તિના જ્ઞાન અને વિજ્ઞાન ઉપર આજે દુનિયામાં સેંકડો પ્રબુદ્ધો પીએચડીનો અભ્યાસ કરી રહ્યાં છે. અભ્યાસમાં ફેલ થવું કે સારા માર્કસ મેળવવા ઉપર જ્ઞાનની પરિભાષાને ઝાઝો સંબંધ નથી.

આવી જ કહાની આઈન્સ્ટાઈનની પણ છે. આઈન્સ્ટાઈન નવમા ધોરણથી આગળ અભ્યાસ કરી શક્યા નથી. તેમને પણ શાળા રાસ ન આવી. શાળાકીય અભ્યાસમાં આઈન્સ્ટાઈનનું મગજ ન ચાલતું પણ સતત નવા વિશિષ્ટ વિચારોના વમળમાં એમનુ મગજ વિચરતું રહેતું. e=mc2 (ઈ ઈઝ ઈક્વોલ ટુ એમસી સ્ક્વેર)નો સિદ્ધાંત આપીને આઈન્સ્ટાઈને દુનિયાને એક નવી દિશા આપી. જે વ્યક્તિ અભ્યાસમાં નવમા ધોરણથી આગળ વધ્યો જ નહીં, દુનિયા આજે એની પાછળ પાગલ થઈને એના ગુણગાન ગાય છે.

ભારતના ધીરુભાઈ અંબાણીની વાત પણ અજાણી નથી. નવમી ચોપડી પાસ ધીરુભાઈએ તરુણ અવસ્થામાં પેટ્રોલ પંપ પર નોકરીથી જીવનની શરૂઆત કરી. સમય જતાં સાડા ચાર લાખ કરોડનું રિલાયન્સ એમ્પાયર ઊભું કરીને પાવરફુલ વ્યક્તિ તરીકે દુનિયામાંથી વિદાય થયા. ભારતના એક બીજા વિરલા ઘનશ્યામદાસ બિરલાની કથા પણ એવી જ છે. ચાર ચોપડી પાસ બિરલા ગામ અને શાળા છોડીને દોરી-લોટો લઈ કલકત્તા પહોંચી ગયા હતાં. ત્યાં નવા ખ્યાલો સાથે બિઝનેસ શરૂ કર્યો. એમણે બિરલા બિઝનેસ એમ્પાયર ઊભું કર્યું. ઘનશ્યામદાસ બિરલા કહેતા હોય છે કે, 'જીવનની સફળતામાં શાળા-કોલેજની ડિગ્રીઓનું ખાસ મહત્વ નથી હોતુ.' ડિગ્રીઓ કરતાં જ્ઞાનનું મહત્ત્વ વિશેષ હોય. પરીક્ષાનું મહત્વ ન હોય. મહત્વ તો શીખવાનું હોય. જેમાંથી જીવનને જીવવાનો અર્થ અને માર્ગ મળે એ સાચું શિક્ષણ.

મનુષ્ય પાસે જ્ઞાનથી ભરેલું મસ્તિષ્ક છે. એટલે જ એ પૃથ્વી પરના અન્ય પ્રાણીઓ કરતાં વિશિષ્ટ અને શક્તિશાળી છે. જ્ઞાન જ મનુષ્યને જીવનના ઉતાર-ચઢાવમાં સફળ બનાવે છે. જ્ઞાન પ્રાપ્ત કરવા માટે વય કે ઉંમરના કોઈ સીમાડા હોતા નથી. લગન, ધૈર્ય અને નિયમિતતા જ્ઞાનના પાયાના ત્રણ પીલર છે. ઈશ્વરે દરેક મનુષ્યના મસ્તિષ્કમાં એક સરખી ક્ષમતાવાળું હજારો હોર્સપાવરનું મન આપ્યું છે. પૃથ્વી પર જન્મ લેતાંની સાથે જ આ પાવરહાઉસ એક્ટિવેટ થઈ જાય છે.

મહાન ચિંતક અને દાર્શનિક સીગમન્ડ ફ્રોઈડ મનની ત્રણ અવસ્થાઓ આઈડેન્ટીફાઈ કરે છે. પ્રથમ ચેતન મન, બીજું અર્ધચેતન મને અને ત્રીજું અવચેતન મન. જાગૃત અવસ્થામાં જે ઊર્જા અને શક્તિ વપરાય છે, એ ચેતન મનનો પ્રકાર છે. જેમાં કેટલીક વાત યાદ રહે છે અને કેટલીક વાત ભૂલી જવાય છે. આ ભૂલેલી વાત મગજના જે ભાગમાં જાય છે, એ ભાગને ફ્રોઈડ અર્ધચેતન મન કહે છે. મગજના જે ભાગમાં ગયેલી વાત ક્યારેય ભૂલી શકાતી નથી. એ વિચારો મગજના અવચેતન ભાગમાં વિકાસ પામતા હોય છે. સુતી વખતે આવતાં સપનાઓ અવચેતન મનમાં સંગ્રહાયેલી વૈચારિક પ્રક્રિયા જ હોય છે. સીગમન્ડ ફ્રોઈડ અવચેતન મન પર વિશેષ ભાર મૂકે છે. ફ્રોઈડ કહે છે કે, મનુષ્યના મગજમાં ૯૦ ટકા ભાગ અવચેતન મનનો હોય છે. અવચેતન મનમાં ઈદમ, અહમ અને વિશિષ્ટ અહમની ત્રણ પરિભાષા હોય છે. અવચેતન મનના 'ઈદમ'માં સુખવાદી વિચારો વિકસતા હોય છે. ફ્રોઈડ કહે છે કે, 'ઈદમ' કામવૃત્તિનો ભંડાર છે. ફ્રોઈડના મતે કામ(સેકસ) માનવીના સુખનો સ્ત્રોત છે. મનુષ્ય તેની કામવૃત્તિને ન્યાય આપવા માટે જ જીવનભર પ્રવૃત્ત રહેતો હોય છે.

જ્યારે 'અહમ' એટલે કે 'ઈગો'. 'અહમ' હમેશા ઘટનાનો પૂર્વ વિચાર કરી વાસ્તવિક ઘટના ઉપર અમલ કરતો હોય છે. જેમ કે, કોઈ સંપન્ન વ્યક્તિ રસ્તા ઉપર રૂપીયાથી ભરેલું પાકીટ જુએ, આજુબાજુ કોઈ ન હોય ત્યારે એક સેકન્ડ માટે એ પાકીટ લઈને ગજવામાં મૂકવાનો વિચાર કરે. પરંતુ તરત જ બીજી ક્ષણે એને એવો વિચાર આવે કે, મને કોઈ જોઈ જશે તો, મારી પ્રતિષ્ઠાનું શું ? આ વિચારથી એ પાકીટ ન ઉઠાવે અને પોતે સારો-સજ્જન લાગે એવા વર્તાવ કરે એ આખી પ્રકીયા 'અહમ' છે.' 'વિશિષ્ટ અહમ' એટલે કે 'સુપર ઈગો'. નૈતિક ગુણોની વાત મનને સમજાવીને આદર્શવાદી સિદ્ધાંતો અનુસાર મનુષ્યનું ઘડતર 'સુપર ઈગો' કરે છે.

જ્યારે કોઈ વ્યક્તિ મોટી મોટી વાતો કરે ત્યારે એ સમજદાર છે એમ માનવું ભૂલભરેલું છે. માણસ જ્યારે નાની વાતો બરાબર સમજે ત્યારે એ સમજદાર કહેવાય. સાચો જ્ઞાની કહેવાય. બહુ બધી વાતો જાણતો હોય એને જ્ઞાની સમજવું ભૂલભરેલું છે. જે મહત્ત્વની વાત સમજે અને એની ઉપર અમલ કરે એ જ્ઞાની છે. જે વ્યક્તિ પર દુનિયાએ શરૂઆતમાં ઉપહાસ કર્યો છે, ભવિષ્યમાં એણે જ ઈતિહાસ રચ્યો છે. મોટા ભાગના લોકો માહિતીને જ્ઞાન સમજતા હોય છે. માહિતી અને જાણકારી એ જ્ઞાન નથી. પોતાને શું નથી સમજ પડતી એની સમજ પડે એ જ્ઞાન પ્રાપ્તિનું પ્રથમ પગલું છે. જ્ઞાન પ્રાપ્ત કરવાની ચાહત ધન મેળવવાની લાલસા જેવી હોવી જોઈએ. એમાં સતત વધારો થતો હોવો જોઈએ. ચાઈનીઝ ચિંતક કોન્ફ્યુસીયસના મતે વ્યક્તિ શું નથી જાણતો એ જ્યારે જાણી લે એમાં જ સાચું જ્ઞાન સમાયેલું છે. ન્યુટન હોય કે ધીરુભાઈ અંબાણી, આઈન્સ્ટાઈન હોય કે ઘનશ્યામદાસ બિરલા એમણે ડિગ્રી કરતાં જ્ઞાનને ઉજાગર કરીને દુનિયામાં દાખલો પ્રસ્થાપિત કર્યો. કહેવાનું તાત્પર્ય એ નથી કે શિક્ષણ અને ડિગ્રી મેળવવા નિરર્થક છે અને શાળા કોલેજમાં જવાનો કોઈ અર્થ નથી. શિક્ષણ અને ડિગ્રી તેના સ્થાને યોગ્ય જ છે. જરૂર છે ડિગ્રી અને શિક્ષણ સાથે તેનાથી પણ ઉપર ઊઠીને અનુભવ, વાંચન અને શ્રવણના આધારે કંઈક વિશેષ કરવાની. જ્યારે આ વિશેષ શોધ સાર્થક થાય ત્યારે એ જ્ઞાનનો પ્રકાશ બની જતો હોય છે.

**ધબકાર :**

**એક નવા વિચાર સાથે ડગલું માંડીને પાકા ઈરાદાઓ સાથે આસમાનની ઊંચાઈ સર કરનારા લોકો મનમાં સમેટાયેલા સપનાઓ જ્ઞાનના ઉજાશથી સાકાર કરતાં હોય છે.**